કરસંપાત, કરાઘાત અને કર વિવર્તન

[૧] કરસંપાતનો અર્થ:

રાજ્ય તરફથી જ્યારે કરવેરા નાખવામાં આવે છે, ત્યારે સરકારની તિજોરીમાં તે કર જેટલી રકમ જમા થાય છે. સરકારને મળતી આ રકમ કઈ વ્યક્તિ અગર વ્યક્તિઓ પાસેથી આવે છે, એ પ્રશ્ન કરસંપાતનો પ્રશ્ન છે.

શ્રીમતી હિક્સના શબ્દોમાં કહીએ તો, કરસંપાત એટલે 'કર ભરનારની શોધ' (search for the tax payer)નો પ્રશ્ન.

કર ભરનારની શોધનો પ્રશ્ન એટલા માટે અગત્યનો બને છે કે જ્યારે કર નાખવામાં આવે છે, ત્યારે તેના અનેક પ્રત્યાઘાતો પડે છે. સરકારે જે વ્યક્તિ ઉપર કર નાખ્યો છે તે જ વ્યક્તિ તે કરનો બોજો સહન કરે એમ હરહંમેશ બનતું નથી. એ વ્યક્તિ શરૂઆતમાં કરની રકમ રાજ્યની તિજોરીમાં ભરી દે, પરંતુ પાછળથી તે રકમ બીજી કોઈ વ્યક્તિ પાસેથી પણ વસૂલ કરી શકે એમ ઘણી વખત બનતું હોય છે.

દાખલા તરીકે, કેરોસીન, દીવાસળી કે ખાંડ પર નાખવામાં આવતી જકાત શરૂઆતમાં તો ઉત્પાદકો સરકારની તિજોરીમાં ભરી દેતા હોય છે, પરંતુ ત્યાર બાદ જકાતની આ રકમ ઉત્પાદકો કિંમતમાં વધારો કરીને વ્યાપારીઓ પાસેથી અને વ્યાપારીઓ પછી ગ્રાહકો પાસેથી વસૂલ કરતા હોય છે. આમ, જકાતનો છેવટનો નાણાંકીય બોજ ગ્રાહકો ઉઠાવે છે.

કરસંપાતનો પ્રશ્ન એ બાબતનો અભ્યાસ કરે છે કે, કરનો નાણાંકીય બોજ છેવટે કોના ઉપર પડે છે ?

ડૉ. ડાલ્ટનના મત મુજબ કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ (direct money burden). સરકાર તરફથી નાખવામાં આવેલો કર વાસ્તવમાં કોણ ભરે છે, એટલે કે, એ કરની રકમ છેવટે કોના ગજવામાંથી આવે છે એ પ્રશ્નનો વિચાર કરસંપાતમાં કરવામાં આવે છે. સરકાર એક વ્યક્તિ પર કર નાખીને કરની રકમ વસૂલ કરતી હોય છે.

જો એ વ્યક્તિ કરની રકમ બીજી કોઈ વ્યક્તિ પાસેથી વસુલ કરી શકે કે એમ ન હોય, એટલે કે, જો કરનો પ્રત્યક્ષ નાણાંકીય ભાર બીજી વ્યક્તિ પર ખસેડી શકાય એમ ન હોય તો કરસંપાત એ વ્યક્તિ ઉપર જ પડ્યો એમ કહેવાશે. પરંતુ જો તે વ્યક્તિ કરની રકમ બીજા પાસેથી વસૂલ કરી શકે એમ હોય, એટલે કે, જો કરનો પ્રત્યક્ષ નાણાંકીય ભાર બીજા ઉપર ખસેડી શકાય એમ હોય તો કરસંપાત બીજી વ્યક્તિ ઉપર પડ્યો છે એમ કહેવાશે.

ટૂંકમાં, કરની રકમ છેવટે જે વ્યક્તિ ભરે છે તેના પર કરસંપાત છે એમ કહી શકાય. ખસડા

પ્રો. સેલિગ્મેનના જણાવ્યા પ્રમાણે કરનું સ્થિર થવાનું અંતિમ જે સ્થાન હોય તેના પર કરસંપાત પડ્યો એમ કહેવાય; પરંતુ પ્રો. મસગ્રેવ આ વ્યાખ્યા સ્વીકારતા નથી. તેમના મત મુજબ કરનું કોઈ અંતિમ સ્થાન કદાચ ન પણ હોય, કારણ કે કરની રકમ વિનિમયની પ્રક્રિયા દરમિયાન જુદા જુદા તબક્કામાં કદાચ વહેંચાયેલી પણ હોય.

પ્રો. મસગ્રેવ ના અભિપ્રાય મુજબ, કરસંપાતનો પ્રશ્ન કરના અનુસંધાનમાં જ વિચારવો યોગ્ય નથી. તેઓ એમ જણાવે છે કે, સરકારની સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિની વહેંચણી પર જે અસરો થાય છે તે જ સાચા અર્થમાં કરસંપાતનો પ્રશ્ન છે.
તેમના મત મુજબ રાજ્ય કર દ્વારા જે આવક મેળવે છે તેનાથી અર્થકારણનાં સાધનો પર તેનો કાબુ વધે છે. સાધનો જે કરવિહીન સ્થિતિમાં સમાજના અન્ય વર્ગો પાસે રહ્યાં હોત, તેને કર દ્વારા રાજ્ય પોતાની તરફેણમાં વાળે છે. હવે રાજ્ય દ્વારા થતા આ સાધન-ઉપયોગનાં બે સ્વરૂપ હોઈ શકે. એક તો રાજ્ય કર નાખે તેથી કરવિહીન સ્થિતિમાં જે સાધનો સમાજ પાસે રહ્યાં હોય તે કરતાં ઓછાં સાધનો સમાજ પાસે છે. આને આપણે કરનો સંપાત કહી શકીએ, પરંતુ તે અપૂર્ણ ખ્યાલ ગણાય, કારણ કે સમાજના અમુક વર્ગો પાસે સાધનો ઘટ્યાં, ત્યારે રાજ્ય પાસે તેટલાં સાધનો વધ્યાં છે અને તેનો ઉપયોગ રાજ્ય જાહેર ખર્ચ દ્વારા કરશે. આ બંનેની સંયુક્ત અસરને કારણે રાજ્ય અને સમાજને હસ્તક રહેલાં સાધનોમાં છેવટે જે ફેરફાર થાય છે તેમાં કરવેરા અને રાજ્યના ખર્ચની નીતિ પણ મહત્ત્વનો ભાગ ભજવશે, એટલે આ પ્રકારની અસર કે સંપાતને આપણે કરસંપાત નહીં, 'બજેટ સંપાત' તરીકે ઓળખીએ તો એ વધુ યોગ્ય લેખાશે.

પ્રો. મસગ્રેવની વ્યાખ્યા બે દૃષ્ટિએ જુદી પડે છેઃ

1. આ વ્યાખ્યા કરની રકમ છેવટે કોના ગજવામાંથી આવે છે તેનો જ વિચાર કરતી નથી, પરંતુ સરકારની સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિની શી અસરો પડે છે તેનો પણ વિચાર કરે છે. આ નીતિમાં નાણાંકીય નીતિનો પણ સમાવેશ થઈ શકે.
2. સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિની અસરો ઉત્પાદન, સાધનોની હેરફેર તથા વહેચણીના સ્વરૂપ ઉપર પડે છે. આમાંથી જ્યારે આપણે વહેંચણીમાં થતાં પરિવર્તનો (distributional change) તપાસીએ છીએ ત્યારે વાસ્તવમાં કરસંપાતનો પ્રશ્ન તપાસ્યો કહેવાય.

R. A. Musgrave The Theory of Public Finance.

પ્રો. બેન્ટ હેન્સન તથા શ્રીમતી ઉર્સુલા હિક્સ પણ પ્રો. મસગ્રેવની આ વ્યાખ્યાનું સમર્થન કરે છે.

પ્રો. મસગ્રેવ કરસંપાતનો ખૂબ જ વ્યાપક અર્થ ઘટાવે છે. તેઓ કેવળ કરવેરાનો જ વિચાર કરતા નથી પરંતુ સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિનો આ સંદર્ભમાં વિચાર કરવાનો આગ્રહ રાખે છે. રાજકોષીય નીતિના વ્યાપક માળખાના એક ભાગ તરીકે આનો વિચાર કરવામાં આવે છે, અને આ નીતિની વહેંચણી પરની અસરો તપાસવામાં આવે છે. સંક્ષેપમાં, કરસંપાત એટલે રાજકોષીય નીતિમાં ફેરફાર કરવાથી વહેંચણીમાં થતો ફેરફાર.

ડૉ. કેનન અને શ્રી બ્લેક જેવા લેખકો કરના પ્રત્યક્ષ નાણાંકીય ભારને અથવા કર જ્યાં છેવટે સ્થિર થાય એને કરસંપાત નક્કી કરવા માટે આધાર તરીકે સ્વીકારવા તૈયાર નથી. તેઓ એવા અભિપ્રાય પર આવે છે કે, કરસંપાતનો ખ્યાલ દૂર કરવા જેવો છે અને તેને બદલે કરની સામાન્ય અસરોનો વિચાર કરવો તે જ વધારે યોગ્ય થશે. 'ઈકોનોમિક ફ્રેગમેન્ટ્સ'માં પ્રો. ડેનિસ રોબર્ટસન પણ આવું જ મંતવ્ય વ્યક્ત કરે છે,

કરસંપાતની સ્વીકાર્ય વ્યાખ્યા : ડૉ. લાકડાવાળાના મત પ્રમાણે ડૉ. ડાલ્ટનની વ્યાખ્યા કરસંપાતને પ્રત્યક્ષ નાણાંકીય ભાર તરીકે ઓળખાવે છે. આ વ્યાખ્યા પ્રમાણે જે જે પરોક્ષ ભાર હોય તે કરસંપાતમાં આવી શકે નહિ. એ જ રીતે જે ભાર નાણાંકીય નથી (દા.ત. વાસ્તવિક ભાર) તે પણ કરસંપાતમાં આવી શકે નહિ. આ વિશે વધુ સ્પષ્ટતા કરતાં ડૉ. લાકડાવાળા લખે છે કે, “પ્રત્યક્ષ નાણાંકીય ભાર" "સરકારની કરવેરાની આવક' બરાબર જ હોઈ શકે.

આ વ્યાખ્યાના સ્વીકાર માટે કારણો આપતાં તેઓ જણાવે છે કે, દરેક કરદાતા સરકારની તિજોરીમાં પ્રત્યક્ષ રીતે કેટલાં નાણાં ભરે છે તેનું માપ કાઢવા માટે આ વ્યાખ્યા ઘણી ઉપયોગી થશે. કરનો ભાર માપતી વેળા જે બીજા પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેનો પણ આ વ્યાખ્યાથી સંતોષકારક ઉકેલ આવી જાય છે.-

[૨] (અ) કરસંપાત કરાઘાત વચ્ચેનો તફાવત (Difference between Incidence of a Tax and Impact of a Tax):

અત્રે કરસંપાત અને કરાઘાત વચ્ચેનો તફાવત સમજી લેવો આવશ્યક છે. આગળ કહ્યું તેમ, કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો; જે વ્યક્તિ છેવટે કરનો નાણાંકીય બોજો સહન કરે છે તેના પર કરસંપાત છે એમ કહી શકાય, જ્યારે કરાઘાત એટલે જે વ્યક્તિ પર સરકાર કર નાખે અને જેની પાસેથી કરની રકમ વસૂલ કરે તેના પર કરાઘાત છે એમ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, 'કરની રકમ સરકારની તિજોરીમાં સૌ પ્રથમ ભરનાર વ્યક્તિ પર કરાઘાત છે, જ્યારે જે વ્યક્તિ છેવટે એ કરનો નાણાંકીય ભાર ઉઠાવે તેના પર કરસંપાત છે. કરાઘાત જે વ્યક્તિ પર નાખવામાં આવેલ છે તેણે જ ભરવાનો છે, જ્યારે કરસંપાત કરની રકમ છેવટે જે વ્યક્તિ ભરે છે તેના પર હોય છે.' કરાઘાત અને કરસંપાત એક જ વ્યક્તિ પર હોઈ શકે છે. આના આધારે જ પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર વચ્ચેનો ભેદ પાડવામાં આવ્યો છે, આગળ આપણે જોઈ ગયા કે, કરાઘાત અને કરસંપાત એક જ વ્યક્તિ પર હોય તેને પ્રત્યક્ષ કર અને જુદી જુદી વ્યક્તિઓ પર હોય તેવા કરને પરોક્ષ કર કહેવામાં આવે છે. દાખલા તરીકે, આવકવેરો પ્રત્યક્ષ કર છે, જ્યારે આબકારી જકાત પરોક્ષ કર છે.

(બ) કરસંપાત અને કરની અસરો (Incidence of a Tax and Effects of a Tax):

કરસંપાત અને કરની અસરો વચ્ચે પણ તફાવત છે. કરસંપાત એટલે સરકારે નાખેલો કર છેલ્લે કોના પર જઈને સ્થિર થાય છે તે, એટલે કે, કરની રકમ છેવટે કોના ગજવામાંથી આવે છે તે. કરસંપાતની ચર્ચામાં કરને લીધે વસ્તુ અથવા સેવાની કિંમત પર થતી અસરોને જ ધ્યાનમાં લેવામાં આવે છે. દાખલા તરીકે એક કિ.ગ્રા. ખાંડ પર ૧૦ પૈસાની જકાત નાખવામાં આવે તો ગ્રાહકોને તેટલે અંશે ખાંડની વધુ કિંમત ચૂકવવી પડશે. જો ગ્રાહકોનો ખાંડનો માસિક વપરાશ પાંચ કિલો હશે તો તેને દર મહિને ૫૦ પૈસા વધારે ચૂકવવા પડશે. કરસંપાતમાં આ બાબતનો જ વિચાર થાય છે, કારણ કે કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો. આ દાખલામાં પ્રત્યક્ષ નાણાંકીય બોજો ૫૦ પૈસા જેટલો છે.

પરંતુ વસ્તુ પર કર નાખવાને લીધે અન્ય અસરો પણ થતી હોય છે. દાખલા તરીકે ખાંડ ઉપર જકાત નાખવાને પરિણામે એમ પણ બને કે, ગ્રાહકો ખાંડની વપરાશ ઘટાડે. જો એમ થાય તો તેમના આર્થિક કલ્યાણમાં ઘટાડો થશે બીજું કે, ખાંડની માંગ ઘટવાથી ઉત્પાદનમાં ઘટાડો થાય અને કેટલાક સાધનો બેકાર થાય એમ પણ બને. આ બધા પરિણામોનો કરસંપાતમાં વિચાર કરવામાં આવતો નથી, પરંતુ કરની અસરોમાં તેનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, કરની અસરોનો ખ્યાલ ઘણો વિસ્તૃત છે અને તેમાં કરના પ્રત્યક્ષ નાણાંકીય ભાર ઉપરાંત અન્ય અસરોનો પણ વિચાર કરવામાં આવે છે, જ્યારે કરસંપાતમાં તો માત્ર કરનો પ્રત્યક્ષ નાણાંકીય ભાર છેવટે કોના ઉપર પડે છે તેનો જ અભ્યાસ કરવામાં આવે છે.

(ક) કરસંપાત અને કરવિવર્તન (Incidence of Tax and Shifting of a Tax) :

કરસંપાત અને કરવિવર્તન વચ્ચે પણ ભેદ રહેલો છે, કરસંપાત અને કરાઘાત જ્યારે અલગ અલગ વ્યક્તિઓ પર હોય છે, ત્યારે કરવિવર્તનનો પ્રશ્ન ઊભો થાય છે, કારણ કે આવા કિસ્સાઓમાં કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો એક વ્યક્તિથી બીજી વ્યક્તિ પર નાખવાની ક્રિયાને કરવિવર્તન કહેવામાં આવે છે. દાખલા તરીકે, વ્યાપારીઓને કેરોસીન કે ખાંડ ઉપર ભરવી પડતી જકાત; તેઓ આ વસ્તુઓની કિંમતમાં વધારો કરીને ગ્રાહકો પાસેથી તે વસૂલ કરી શકે છે. અહીં વ્યાપારીઓ કરવિવર્તન કરે છે એમ કહેવાશે. કરવિવર્તનને લીધે કરનો બોજો સંપૂર્ણપણે અથવા આંશિકપણે જેના પર તે લાદવામાં આવ્યો હોય તેના પરથી બીજી કોઈ વ્યક્તિ પર પડે છે.

કરવિવર્તન બે પ્રકારના હોઈ શકે:

(૧) પુરોગામી કરવિવર્તન (Forward Shifting).

(૨) પશ્ચાદ્ગામી કરવિવર્તન (Backward Shifting).

કરાઘાત સહન કરનાર વ્યક્તિ, વેચાણ અગર વહેંચણીમાં તેના પછી આવતી વ્યક્તિ પાસેથી કર વસૂલ કરે તો પુરોગામી કરવિવર્તન કહેવાય છે. પરંતુ જો તે પોતાની આગળની કોઈ વ્યક્તિ પર કરનો બોજો નાખે તો તે પશ્ચાદ્ગામી કરવિવર્તન કહેવાશે.

દાખલા તરીકે, સરકારે કાપડ ઉપર દર મીટરે ૫૦ પૈસાની આબકારી જકાત નાખી છે. નિયમ પ્રમાણે આ કર મિલે ભરવાનો હોય, એટલે કેજ આ ફરબો ગાજ જલિ (ઉપર પડે છે એમ આપણે કહીશું. પરંતુ કાપડની મિલ આબકારી જકાતનો બધો બોજ જથ્થાબંધ વેપારીના માથા પર ચઢાવવા પ્રયત્ન કરશે. જથ્થાબંધ કાપડનો વેપારી છૂટક કાપડના વેપારી પર આ બોજ પસાર કરવા પ્રયત્ન કરશે. છૂટક વેપારી આબકારી જકાતની રકમ ગ્રાહક પાસેથી લેવાનો પ્રયત્ન કરશે. દરેક જણ પોતાના પ્રયત્ન સંપૂર્ણ સફળ થાય તો આબકારી જકાતનો બોજ છેવટે ગ્રાહક ઉપર આવીને ઠરશે તેથી આપણે એમ કહી શકીએ કે, આ કિસ્સામાં આબકારી જકાતનો કરસંપાત માત્ર કાપડના ગ્રાહક ઉપર છે. અહીં કરનું વિવર્તન પુરોગામી વિવર્તન કહેવાય છે.

પરંતુ ધારો કે કાપડની મિલ પુરોગામી વિવર્તન કરી શકે તેમ ન હોય તો તે આ વેરો રંગરસાયણના ઉત્પાદકો અથવા રૂના વેપારીઓ પર પસાર કરવાનો પ્રયત્ન કરશે. વેરાની રકમ જેટલો ભાવ ઘટાડી તેમને કિંમત ચૂકવવામાં તે સફળ થાય તો કાપડની મિલ આબકારી જકાતનો બોજ રંગરસાયણના ઉત્પાદક પર અથવા રૂના વેપારી પર પસાર કરવામાં સફળ થયેલી ગણાશે. આ કિસ્સામાં આબકારી જકાતનો કરસંપાત રંગરસાયણના ઉત્પાદક પર કે રૂના વેપાર પર છે તેમ આપણે કહીશું. અહીં કરનો બોજ આગળ નહિ પણ પાછળ ધકેલવામાં આવ્યો છે. આને પશ્ચાદ્ગામી વિવર્તન કહેવામાં આવે છે.

(ડ) કર વિવિર્તન અને કરને ટાળવું : (Tax Shifting and Tax Evasion) :

કર વિવર્તન એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ કિંમત ફેરફાર દ્વારા અન્ય પર ખસેડવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા અન્વયે જે વ્યક્તિ કર ભરે છે, તે અન્ય કોઈ વ્યક્તિ પર એ કરનો બોજ ખસેડી દે છે. કર વિવર્તનની પ્રક્રિયા દ્વારા જ કરસંપાત એટલે કે, કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ કોના ઉપર પડે છે તે જાણી શકાય છે. ટૂંકમાં, જે પ્રક્રિયા દ્વારા કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ ઉત્પાદકો દ્વારા અંતિમ ગ્રાહકો પર ખસેડવામાં આવે છે તેને કર વિવર્તન કહેવાય છે. આમ, કરવિવર્તનમાં રાજ્યને કરની આવક તો મળે જ છે, જ્યારે કર ટાળવા અને કરચોરીની બાબતમાં રાજ્યને કરની આવક મળતી જ નથી. કરવિવર્તન કાયદેસર છે જ્યારે કરચોરી ગેરકાયદેસર છે અને સરકાર તેને અટકાવવાનો પ્રયાસ કરે છે. કચોરી અન્વયે વ્યક્તિ તેની કર-જવાબદારીમાંથી છટકવા માટે તેની ખરી આવક કરતાં ઓછી આવક બતાવે છે; એટલે કે વ્યક્તિ તેની ખરી આવક છુપાવે છે અને એ રીતે કરચોરી કરે છે. બીજી તરફ કરને ટાળવા (tax avoidance)ની બાબતમાં સરકારે કરવેરામાં જે રાહતો, અને છૂટો આપી હોય છે તેનો પૂરેપૂરો લાભ લઇ વ્યક્તિ તેની કર-જવાબદારીને ઘટાડી નાંખે છે અથવા કેટલીક વખત તો શૂન્ય જવાબદારી (zero liability) પર આવી જાય છે. એ જ રીતે વસ્તુઓ પરના કરવેરાની બાબતમાં જે પેદાશો પર કરવેરા નાંખવામાં આવ્યા હોય તેની ખરીદી ઓછી કરીને આ કરવેરા ભરવાનું તે ટાળી શકે છે.

(ઈ) સામાન્ય કરસંપાત અને અસરકારક કરસંપાત : (Formal Incidence and Effective Incidence):

શ્રીમતી હિકસે કરસંપાતના બે પ્રકાર દર્શાવ્યા છે : (અ) સામાન્ય કરસંપાત અને (બ) અસરકારક કરસંપાત.

( અ) સામાન્ય કરસંપાત : સામાન્ય કરસંપાત અમુક સમય દરમિયાન ઉઘરાવવામાં આવેલ કરનો બોજો નાગરિકો વચ્ચે કઈ રીતે વહેંચાયેલો છે તેની ગણતરી કરવામાં

આવે છે, એટલે કે, લોકોની આવકનો જે ભાગ તેમને મળતી વસ્તુઓ અને સેવાઓના બદલામાં નહિ પરંતુ જરૂરિયાતના સામુદાયિક સંતોષ માટે રાજ્યને આપવામાં આવે છે તેની ગણતરી સામાન્ય કરસંપાતમાં કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય કરસંપાતના ખ્યાલમાં આપણે મુખ્યત્વે રાજ્ય જે આવક વિવિધ પ્રકારના કર દ્વારા મેળવે છે તેની સમાજના જુદા જુદા વર્ગોમાં શી રીતે વહેંચણી થઈ છે તેનો વિચાર કરીએ છીએ (પ્રણાલિકાગત વિશ્લેષણમાં આપણે માત્ર વસ્તુઓ પરના વેરાનો જ વિચાર કર્યો છે એ બાબત ખાસ ધ્યાનમાં લેવી ઘટે). દાખલા તરીકે, આવકવેરો, સંપત્તિવેરો અને બધા જ પરોક્ષ વેરા દ્વારા જે ઊપજ રાજ્યને મળે તેની જુદા જુદા આવકજૂથોમાં કઈ રીતે વહેંચણી થઈ છે તેની આંકડાકીય ગણતરી કરીએ તો સમગ્ર કરવ્યવસ્થાનો સામાન્ય કરસંપાત આપણે જાણી શકીએ. શ્રીમતી હિક્સના મત મુજબ આ ગણતરીની અગત્ય એ છે કે, તે આવકની વહેંચણીમાં અને પુનઃવહેંચણીનો પ્રશ્ન વિચારવામાં તેમજ રાષ્ટ્રીય ઉત્પાદનનું આયોજન કરવામાં સરકારને તે અગત્યની માહિતી પૂરી પાડે છે. પરંતુ આ ખ્યાલ કરના ફેરફારો પ્રત્યે કર ભરનારાના પ્રત્યાઘાતો અને તેનાં પરિણામો પર કોઈ પ્રકાશ ફેંકતો નથી.

(બ ) અસરકારક કરસંપાત: અસરકારક કરસંપાતમાં કરની સંપૂર્ણ આર્થિક અસરોને ધ્યાનમાં લેવામાં આવે છે. આ માટે આપણે બે પરિસ્થિતિઓ સરખાવીએ છીએ. એક તો કર પૂર્વેની સ્થિતિમાં અર્થકારણનું જે ચિત્ર હોય તે અને બીજું કર પશ્ચાત્ની સ્થિતિમાં તેની જે અવસ્થા હોય તે બંનેની તુલના કરવામાં આવે છે. આવી તુલના કરીને જે ફેરફાર આપણે નોંધીએ તેને અસરકારક કરસંપાત કહેવામાં આવે છે. અલબત્ત, કરદાતાઓની પ્રતિક્રિયાઓ અંગેની આ નોંધ ઘણી જ ગૂંચવણભરી ગણતરીઓ માંગી લે છે. ઉપરાંત કોઈ પણ સમયે જ્યારે આવો અસરકારક કરસંપાત આપણે માપતાં હોઈએ, ત્યારે કર પૂર્વે અને પશ્ચાત્ સ્થિતિ એકસાથે અસ્તિત્વ ધરાવી શકે નહિ, એટલે બેમાંથી એક સ્થિતિ અંગેનો આપણો ચિતાર કાલ્પનિક અને દલીલો પર આધારિત હોવાનો.

આમ છતાં શ્રીમતી હિક્સના મતે આર્થિક નીતિના ઘડતર માટે અસરકારક કરસંપાતનો ખ્યાલ જ વધુ માર્ગદર્શક અને ઉપયોગી બની રહે છે. જો કે અસરકારક કરસંપાતનો ખ્યાલ વધુ બૃહદ સ્વરૂપનો છે છતાં તેનું આંકડાકીય સંશોધન કઠિન છે, જ્યારે સામાન્ય કરસંપાતમાં આપણે આગળ જોયું તેમ, કોઈપણ કર દ્વારા રાજ્યને પ્રથમ થતી ઊપજ જુદાં જુદાં આવક જૂથો શી રીતે ચૂકવે છે અથવા ભોગવે છે, તેનો વિચાર કરીએ છીએ અને તે વિષે અચૂક આંકડાવિષયક માહિતી મેળવી શકીએ છીએ.

(ક) કરનો નાણાંકીય બોજ અને કરનો વાસ્તવિક બોજ:

કરનો નાણાંકીય બોજ એટલે સરકારને કરદાતાઓ તરફથી મળતી કરની કુલ નાણાંકીય આવક, જ્યારે કરનો વાસ્તવિક બોજ એ કરની રકમ ભરવાને લીધે કરદાતાઓના આર્થિક કલ્યાણમાં થયેલા ઘટાડાનો નિર્દેશ કરે છે. દાખલા તરીકે, સરકાર જ્યારે ખાંડ પર આબકારી જકાત નાંખે છે ત્યારે તેને લીધે બજારમાં ખાંડના ભાવમાં વધારો થાય છે. ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી આ વધારાની કિંમત એ આબકારી જકાતનો નાણાંકીય બોજ છે. પરંતુ આ સાથે એવું પણ બને કે ખાંડના ભાવોમાં વધારો થવાને ૧ લીધે ગ્રાહકો ખાંડની વપરાશમાં ઘટાડો કરે જે તેમના આર્થિક કલ્યાણમાં ઘટાડો લાવે. ખાંડની ઓછી વપરાશથી ગ્રાહકો અમુક અસુવિધા, અતુષ્ટિગુણ કે ત્યાગ અનુભવે એ સ્વાભાવિક છે અને આર્થિક કલ્યાણમાં ઘટાડો થયો છે એવો અહેસાસ તેને લીધે તેઓને તેમના થાય; ; આને કરના વાસ્તવિક બોજ તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત, કરસંપાતના અભ્યાસમાં આપણે માત્ર કરના નાણાંકીય બોજનો જ વિચાર કરીએ છીએ.

ડૉ. ડાલ્ટને કરના પ્રત્યક્ષ અને પરોક્ષ બોજ તથા નાણાંકીય અને વાસ્તવિક બોજ વચ્ચેનો તફાવત સમજાવ્યો છે. દાખલા તરીકે :

(૧) કરસંપાત એ કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ છે.

(૨) કેટલીક વખત કરદાતા પાસેથી કરની રકમ કરતાં વધુ રકમ વસૂલ કરવામાં આવતી હોય છે જે કરનો પરોક્ષ નાણાંકીય બોજ કહેવાય છે.

(૩) કરની ચુકવણીથી વ્યક્તિને કરવો પડતો ત્યાગ અને તેને લીધે તેના આર્થિક કલ્યાણમાં થતો ઘટાડો એ કરનો પ્રત્યક્ષ વાસ્તવિક ભાર છે.

(૪) કરને લીધે વસ્તુની વપરાશમાં થતો ઘટાડો એ કરનો પરોક્ષ વાસ્તવિક ભાર છે.

[3] કરસંપાત અંગેના સિદ્ધાંતો :

કરસંપાત અંગેના મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે :

(૧) કેન્દ્રીયકરણનો સિદ્ધાંત (Concentration Theory) :

આ સિદ્ધાંત અનુસાર કર ગમે તે વ્યક્તિ પર નાખવામાં આવે પરંતુ છેવટે તો તેનો સંપાત એક જ બિંદુએ કેન્દ્રિત થતો હોય છે. અર્થાત્ કરબોજ કોઈ એક વર્ગ પર જ પડતો હોય છે. પહેલાંના જમાનામાં ખેતી એ જ ઉત્પાદન અને આવકનું સાધન હોવાથી નિસર્ગવાદીઓ (Physiocrats) એમ માનતા હતા કે, ગમે તે વ્યવસાય પર કર નાખવામાં આવે છતાં તેનો બોજો તો ખેતીની પ્રવૃત્તિ પર જ પડે છે. આ ખ્યાલમાં ખેતી એ જ મુખ્ય ઉત્પાદક એકમ છે એ ભૂલભરેલી માન્યતા પર જ આ સિદ્ધાંત કામ કરે છે.

(૨) વિસ્તરણનો સિદ્ધાંત (Diffusion Theory) :

આ સિદ્ધાંત પ્રમાણે કરસંપાત અમુક વર્ગ પૂરતો મર્યાદિત હોતો નથી પરંતુ સમગ્ર સમાજને આવરી લે છે. કરવેરા ગમે તેના પર નાખ્યા હોય છતાં ખરીદનાર અને વિક્રેતા વચ્ચે તે વહેંચાઈ જતો હોય છે. અર્થાત્ કર કોઈ એક જ ક્ષેત્ર પર નાખવામાં આવ્યો હોય પણ તેની વહેંચણી જ્યારે સમગ્ર અર્થકારણ પર થાય, ત્યારે તે વિસ્તરણના સિદ્ધાંતને અનુસરે છે એમ કહેવાય. વળી આ સિદ્ધાંત કરવેરાના ન્યાયી અને અન્યાયી વહેંચણીના તફાવતને નાબૂદ કરે છે અને દરેક વ્યક્તિ પર કરનો બોજો પડે છે એમ સ્વીકારે છે. પ્રત્યક્ષ કરમાં કરવિવર્તનની શક્યતા ઓછી હોય છે, જ્યારે પરોક્ષ કરમાં તે વિશેષ હોય છે. આ સિદ્ધાંત અનુસાર દરેક વર્ગ પર સરખા પ્રમાણમાં કરબોજ પડે છે, પરંતુ આ માન્યતા સંપૂર્ણ સત્ય નથી.

(3) આધુનિક સિદ્ધાંત :

આ સિદ્ધાંત મૂલ્ય અને કિંમતના વિશ્લેષણ દ્વારા વ્યક્તિ પર નાખવામાં આવતા કરબોજનો અભ્યાસ કરે છે. જ્યારે કોઈ વસ્તુ કે ઉત્પાદનના સાધન પર કર નાખવામાં આવે છે, ત્યારે કરને કારણે વસ્તુ અગર તેના ઉત્પાદનમાં વપરાતાં સાધનોની કિંમત બદલાય છે અને કરબોજનું વિવર્તન શક્ય બને છે. કરસંપાતવાળી વ્યક્તિ પોતાનો કર બીજા પાસેથી વસૂલ કરીને જ ભરતી હોય છે. કરસંપાતવાળી વ્યક્તિ પોતાની વસ્તુની કિંમતમાં વધારો કરશે કે ઉત્પાદનના વળતરમાં ઘટાડો કરશે અને આ રીતે અન્યના ભોગે પોતે કર ભરી શકશે. જ્યારે કરપાત્ર વસ્તુ અગર મિલકત કે હક્કના સંબંધમાં વિનિમય અગર સોદો થાય છે, ત્યારે જ કરવિવર્તન શક્ય બને છે. આથી વિરુદ્ધ, કર નાખ્યા પછી જ્યારે વસ્તુનું વેચાણ શક્ય ન બને, ત્યારે જ કર જે વ્યક્તિ પર લાદવામાં આવ્યો હોય તેણે તે ભરવો પડે છે.

આધુનિક સિદ્ધાંત પ્રમાણે પ્રત્યક્ષ અને પરોક્ષ કર વચ્ચે કરવિવર્તન માટે ભેદ પાડવામાં આવતો નથી. વિવર્તન શક્ય હોય ત્યાં પણ કેટલે અંશે વિવર્તન થઈ શકે છે અને તે શેના પર આધાર રાખે છે તે જાણવું જરૂરી છે. કરવિવર્તનની શક્યતા જાણવા માટે અને કરસંપાત નક્કી કરવા માટે કરસંપાત અંગેના ઉપરોક્ત નિયમો ખૂબ જ મદદરૂપ નીવડે છે.

## [૪] કરસંપાત પર અસર કરતાં પરિબળો :

આપણે આગળ જોઈ ગયા છીએ કે, કરાઘાત અને કરસંપાત જ્યારે જુદી જુદી વ્યક્તિઓ પર હોય છે ત્યારે કરવિવર્તનનો પ્રશ્ન ઉદભવે છે. આપણે એ પણ જાણીએ છીએ કે, કરના પ્રત્યક્ષ નાણાંકીય ભારને (એટલે કે કરસપાતને) એક વ્યક્તિ પરથી બીજી વ્યક્તિ પર ખસેડવાની પ્રક્રિયાને કરવિવર્તન કહેવામાં આવે છે. કોઈપણ કરના નાણાંકીય બોજનું વિવર્તન થશે કે નહિ તેનો આધાર અમુક સંજોગો પર રહે છે :

(૧) વસ્તુની માંગનું સ્વરૂપ કેવા પ્રકારનું છે?

(૨) વસ્તુના પુરવઠાનું સ્વરૂપ કેવા પ્રકારનું છે?

(૩) ઉત્પાદન અંગેની પરિસ્થિતિ કેવા પ્રકારની છે?

મૂલ્યનિર્ધારણના સામાન્ય સિદ્ધાંતના એક ભાગ રૂપે જ કરવિવર્તન અને કરસંપાતના પ્રશ્નનો વિચાર કરવો યોગ્ય લેખાશે, કારણ કે કરસંપાતનો આધાર માંગ અને પુરવઠાનાં પરિબળો પર હોય છે. જે કરવેરા ભાવોને અસર પહોંચાડી શકતા નથી તેમનું વિવર્તન થઈ શકતું નથી, તેથી આવા કરવેરાની બાબતમાં વિવર્તનનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. કોઈ પણ કરનું વિવર્તન ત્યારે જ થઈ શકે કે જ્યારે વિનિમય પ્રક્રિયા ત્યાં પ્રવેશતી હોય, એટલે કે, જે વસ્તુ પર કર નાખવામાં આવ્યો છે તે ખરીદાતી કે વેચાતી હોય તો જ કરવિવર્તન માટેની શક્યતા ઊભી થાય છે, એટલે જ્યારે આપણે એવું અનુમાન કરી લીધેલું જ હોય છે, જેના પર કરવિવર્તન માટેનો તે પ્રયત્ન કરે છે તેની સાથે તે વિનિમય સંબંધો(exchange relationship)થી સંકળાયેલો છે. જો એમ ન હોય તો કરનું વિવર્તન થઈ શકતું નથી અને જે વ્યક્તિ પર કર પડે છે ત્યાં જ સ્થિર થાય છે.

માંગ અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતાઃ કરવિવર્તનના સિદ્ધાંતમાં માંગ અને પુરવઠાનાં પરિબળો સંકળાયેલાં છે તે હકીકતનો આપણે આગળ નિર્દેશ કર્યો છે. કોઈપણ વસ્તુની કિંમત માંગનાં પરિબળો પર અસર પડવાથી કે પુરવઠાનાં પરિબળો પર અસર પડવાથી કે બંને પર અસર પડવાથી બદલાતી હોય છે. વેપારીઓ કરવિવર્તન કરવાનો પ્રયત્ન કરે તો તેઓ પુરવઠાનાં સાધનનો આશ્રય લેશે. જે વસ્તુ પર વેરો નાખવામાં આવ્યો છે તેના પુરવઠા પર વેપારીઓનો કાબૂ હોય છે. પરંતુ સામે પક્ષે ગ્રાહકનો કાબુ માંગ પર હોય છે અને તેઓ આ પરિબળોનો આશ્રય લઈને કરસંપાત વેપારી પર ધકેલવા પ્રયત્ન કરશે. તેથી કરસંપાતનું વિવર્તન કેટલું અને કેવી રીતે થશે તેનો આધાર બે પક્ષોની સોદાશક્તિ પર રહેશે. દરેક પક્ષ પોતાના પ્રયત્નમાં કેટલે અંશે સફળ થશે તેનો આધાર વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા (elasticity of demand) અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતા (elasticity of supply) કેટલી છે તેના ઉપર રહેશે. ડૉ. ડાલ્ટનના શબ્દોમાં કહીએ તો, "કોઈ પણ વસ્તુ પર નાખવામાં આવેલા કરનો નાણાંકીય બોજો, કરપાત્ર વસ્તુના પુરવઠાની મૂલ્યસાપેક્ષતા અને તેની માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રમાણ અનુસાર ખરીદનાર અને વેચનાર વચ્ચે વહેંચાય છે."

માંગની મૂલ્ય સાપેક્ષતા : જે વસ્તુની માંગ સારા પ્રમાણમાં મૂલ્યસાપેક્ષ છે તે વસ્તુ પર નાખવામાં આવેલો કર ગ્રાહક પર પસાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો ગ્રાહકો પોતાની ખરીદીમાં ઘટાડો લાવશે. તેને પરિણામે વેપારીના કુલ વેચાણમાં ઘટાડો થતાં તેના નફામાં નોંધપાત્ર ઘટાડો થશે. તેથી વેપારી આ વેરો ગ્રાહક પર પસાર કરી દઈ શકશે નહિ. આ વેરાનો બોજ કાં તો તેણે ઉઠાવવો જોઈએ અથવા એ બોજનું શક્ય હોય તો તે પશ્ચાદ્ગામી વિવર્તન કરી શકે.

પરંતુ જો વસ્તુની માંગ સારા એવા પ્રમાણમાં મૂલ્યઅનપેક્ષ હશે તો વેપારી મજબૂત સ્થિતિમાં મુકાશે; તે કરની રકમ જેટલો કિંમતમાં વધારો કરવામાં સફળ થશે અને કરનો બોજ ગ્રાહક ઉપર પસાર કરી દઈ શકશે.

રેડિયો, કૅમેરા જેવી મૂલ્યસાપેક્ષ માંગ ધરાવતી વસ્તુઓની બાબતમાં કરસંપાત સવિશેષ વિક્રેતા પર પડવાની શક્યતા રહે છે. જ્યારે ખાંડ, કેરોસીન, મીઠું જેવી આવશ્યક ચીજો પર નંખાતા કરનો બોજ, આ ચીજોની માંગ મૂલ્યઅનપેક્ષ હોવાથી મોટે ભાગે ગ્રાહકો ઉપર પડશે. આ ઉપરથી એમ કહી શકીએ કે, જેમ માંગની મૂલ્યઅનપેક્ષતાનું પ્રમાણ વિશેષ તેમ કરસંપાત વિશેષ પ્રમાણમાં ગ્રાહક પર પડવાની શક્યતા રહેલી છે. આથી ઊલટું, જેમ વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા વિશેષ તેમ કરસંપાત સવિશેષ વિક્રેતા પર પડશે. આ ઉપરાંત કરસંપાત વિષે થોડુંક વિશેષ પ્રાક્કથન પણ થઈ શકે છે.


(૧) જો માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય તો કરસંપાત પૂરેપૂરો વિક્રેતા પર જ પડશે.

(૨) જો માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ હશે તો કરસંપાત સંપૂર્ણ ગ્રાહકો પર પડશે.

(૩) જો માંગની મૂલ્યસાપેક્ષતા વિશેષ (વધુ મુલ્યસાપેક્ષા ) હશે તો કરસંપાત વધુ પ્રમાણમાં વિક્રેતાઓ પર અને ઓછા પ્રમાણમાં ગ્રાહક પર પડશે.

(૪) જેમ માંગની મૂલ્યસાપેક્ષતા વધારે હશે તેમ કરસંપાત વિશેષ કરીને ગ્રાહકો પર અને ઓછા પ્રમાણમાં વિક્રેતાઓ પર પડશે.

આકૃતિનો આલેખ જુઓ. તેમાં વસ્તુ પરના વેરાનો કરસંપાત કોના પર હશે તે હવે આપણે તપાસીએ.





OX રેખા ઉપર વસ્તુનું પ્રમાણ માપીએ છીએ, જ્યારે OY રેખા પર આપણે કિંમત માપીએ છીએ. DD માંગની રેખા છે. તે સમાંતર આડી લીટી છે એટલે માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે.

SS રેખા વેરા અગાઉની પુરવઠા રેખા છે. વેરો પડ્યા પછી પુરવઠાની રેખા ખસી S'S' બને છે. વેરા અગાઉ કિંમત AB વતી, વેરો પડયા પછી પણ ભાવ બદલાતો નથી. (કારણ કે CD = AB) તેથી CE વેરો પૂરેપૂરો વિક્રેતા ઉપર જ આવે છે. ગ્રાહક વેરામાંથી સંપૂર્ણ છટકી જાય છે.

કારણ બહુ સ્પષ્ટ છે, માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોવાથી આ પરિણામ આવે છે. માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોવાથી કરસંપાત વેચનાર પર પડે છે.


### હવે આપણે આનાથી તદ્દન વિરુદ્ધ ઉદાહરણ તપાસીએ.




બાજુની આકૃતિમાં OX ઉપર ચીજનું પ્રમાણ અને OY ઉપર કિંમત માપવામાં આવે છે. DD માંગની રેખા છે. પણ તે ઊભી સમાંતર રેખા છે. તે ઉપરથી એમ સૂચન મળે છે કે, ભાવ ગમે તે થાય પણ માંગમાં વધઘટ થશે નહિ. વેરો પડ્યા અગાઉ માંગ અને પુરવઠાની રેખા R બિંદુએ સમતોલ છે. એટલે કે RD ભાવ હોય છે.

વેરો પડ્યા પછી SS રેખા S'S' થાય છે. RD કિંમત વધીને PD બને છે. PR જેટલી વેરાની પૂરેપૂરી રકમ ગ્રાહક પર ખસેડી દેવામાં વેપારી સફળ થાય છે. વેપારી બિલકુલ વેરાનો નાણાંકીય બોજ ઉઠાવતો નથી.
માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ હોય તો કરસંપાત ગ્રાહક પર પડે છે.

### આકૃતિમાં કર સરખે હિસ્સે વિક્રેતા અને ગ્રાહક વચ્ચે વહેંચાય છે તેનો અભ્યાસ કરીએ.




OX રેખા પર ચીજ માપવામાં આવે છે. OY રેખા પર કિંમત, DD માંગની રેખા છે.

SS રેખા વેરો પડ્યા અગાઉની પુરવઠાની રેખા છે. માંગ અને પુરવઠો V બિંદુએ સમતોલ થાય છે. કિંમત VC છે. વેરો પડ્યા પછી પુરવઠાની SS રેખા S'S' થાય છે. વેરો પડ્યા પછી કિંમત વધીને PQ થાય છે, અગાઉ કિંમત RQ (અથવા VC) હતી, એટલે વેરો પડયા પછી ગ્રાહક પર વધારાનો નાણાંકીય બોજ PR જ આવ્યો છે. RT જેટલો નાણાંકીય બોજ વિક્રેતા પર પડયો છે. કુલ કરસંપાત PT આ કિસ્સામાં સરખે હિસ્સે વહેંચાયેલો જણાશે. કરની અડધી રકમ ગ્રાહક પર પડે છે અને અડધી રકમ વેપારી ઉપર જાય છે.

પરંતુ જેમ માંગનો વક્ર વધુ તીવ્ર ઢાળવાળો (વધુ મૂલ્યઅનપેક્ષ) થતો તેમ ગ્રાહક પરનો કરસંપાતનો હિસ્સો વધતો જશે અને વેપારી પરનો કરસંપાતનો હિસ્સો ઘટતો જશે.

પુરવઠાની મૂલ્યસાપેક્ષતા: ઉપર્યુક્ત વિશ્લેષણની માફક પુરવઠાની મૂલ્યસાપેક્ષતા સંદર્ભમાં વિચારી શકાય :

(૧) જો પુરવઠો સ્થિર હોય તો કરવેરાથી કિંમતમાં વધારો થતો નથી અને તેથી સંપાતનો સંપૂર્ણ બોજ વિક્રેતા પર પડે છે.

(૨) જો પુરવઠો સંપૂર્ણ અસ્થિર હોય તો કરવેરાથી કરસંપાતનો સંપૂર્ણ બોજ ગ્રાહક પર પડે છે.

(૩) જેમ પુરવઠાની મૂલ્યસાપેક્ષતા વિશેષ હશે તેમ કરસંપાત સવિશેષ ગ્રાહક પર પડશે. આથી જેમ પુરવઠાનો વક્ર ઓછા ઢાળવાળો થતો જાય તેમ ગ્રાહક પરનો કરસંપાતનો હિસ્સો વધતો જશે.

(૪) અપવાદ તરીકે જો પુરવઠાનો વક્ર પણ ડાબી બાજુથી જમણી બાજુ તરફ ઢળતો હશે (એટલે ઘટતા ખર્ચે ઉત્પાદન થશે) તો કરવેરાથી કરના દર કરતાં યે વધુ પ્રમાણમાં કિંમતમાં વધારો થશે.

આ ઉપરાંત કરસંપાતની વહેંચણી પર અસર કરતાં બીજાં પણ કેટલાંક પરિબળો છેઃ

**(૧)** ઉત્પાદનના નિયમો **:**

કરસંપાતનો આધાર માંગ અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પ્રમાણ પર રહે છે. પુરવઠાની બાજુ પર અગત્યનું તત્ત્વ, ત ઉત્પાદનમાં વળતરના નિયમો છે. કોઈ પણ વસ્તુના ઉત્પાદનમાં અમુક તબક્કે ત્રણ પૈકી કોઈ પણ

એક નિયમ અમલમાં હોઈ શકે છે વધતા વળતરનો, ઘટતા વળતરનો અથવા સમાન વળતરનો નિયમ. જુદા જુદા નિયમો પ્રમાણે ઉત્પન્ન થતી વસ્તુ પરનો કરનો સંપાત, ખરીદનાર અને વેચનાર વચ્ચે જુદી જુદી રીતે વહેંચાય છે.

કર પડવાને કારણે માંગમાં ઘટાડો થવાનું અને ઉત્પાદન ઘટવાનું વલણ ઉદભવે છે. આ સંજોગોમાં -

(૧) જો ઉત્પાદન સમાન વળતરના નિયમ અનુસાર થતું હોય તો ઉત્પાદન ઘટવા છતાં એકમ દીઠ ઉત્પાદનખર્ચમાં ફેર પડતો નથી. આથી કરની રકમ જેટલો વધારો કિંમતમાં થાય છે.

(૨) જો ઉત્પાદન વધતા વળતર (ઘટતા ખર્ચ)ના નિયમ અનુસાર થતું હોય તો પુરવઠાની મૂલ્યસાપેક્ષતા ઋણ બાજુની થાય છે અને ઉત્પાદન ઘટતાં એકમ દીઠ ઉત્પાદનખર્ચ વધે છે. આથી વસ્તુની કિંમતમાં થતો વધારો કરની રકમ ઉપરાંત વધેલા ખર્ચની રકમ બરાબર હોય છે. આમ કરની રકમ કરતાં પણ વધુ પ્રમાણમાં વધારો થાય છે.

(૩) જો ઉત્પાદન ઘટતા વળતર (વધતા ખર્ચ)ના નિયમ અનુસાર થતું હોય તો ઉત્પાદન ઘટતાં એકમનું ઉત્પાદનખર્ચ ઘટે છે. આથી કિંમતમાં થતો વધારો કરની રકમ કરતાં ઓછો હોય છે. કરનો અમુક ભાગ ખરીદનાર પર અને અમુક ભાગ વેચનાર પર પડશે.

**(૨)** કરનું પ્રમાણ અને સ્વરૂપ**:**

વસ્તુની કુલ કિંમતની સરખામણીમાં કરની રકમનું પ્રમાણ તથા કરભારણનું સ્વરૂપ પણ કરસંપાતને અસર કરે છે. જો કરની રકમ, વસ્તુની કિંમતમાં પ્રમાણમાં નજીવી હોય તો તે વાપરનાર પર નાખવાનો પ્રયાસ વેચનાર ન કરે અને પોતે જ કરનો સંપાત સહન કરે. પરંતુ જ્યારે કરની રકમ વસ્તુની કિંમતના મોટા પ્રમાણમાં હોય, ત્યારે વેચનારને તેનો બોજો ખરીદનાર પર બને તેટલી ઝડપથી નાંખવાની ફરજ પડે છે.

**(૩)** ફુગાવો કે તેજીના સમયમાં મોટા ભાગની ચીજોની માંગ મૂલ્યઅનપેક્ષ બની જાય છે, કારણ કે લોકોની આવકો વધતી હોય છે અને માંગમાં પુરવઠાની તુલનામાં ઘણો ઝડપી વધારો થતો જોવા મળે છે. તેથી આવા સમયમાં મોટા ભાગની ચીજોની અછત વર્તાય છે. સંક્ષેપમાં કહીએ તો, ચીજવસ્તુઓની માંગ મૂલ્યાનપેક્ષ બની જતી હોય છે. આ સંજોગોમાં કરની રકમ કિંમતમાં ઉમેરી દેવામાં આવે તો પણ તેની ખરીદી પર મહત્ત્વની અસર પડતી નથી. તેથી, ફુગાવાના સમયમાં ઘણી ચીજો પરનો કરસંપાત વિક્રેતા પર ન આવતાં ગ્રાહક પર આવશે.

**(૪)** અર્થકારણમાં રોજગારી અને આવકોની સપાટી નીચી જઈ રહી હોય અને તેને લીધે કુલ માંગ પણ ઘટી રહી હોય તેવે સમયે ચીજવસ્તુઓ પરના કરવેરા ગ્રાહકો પર ખસેડી દેવાનું યોજક માટે મુશ્કેલ બનશે. જો તે કરવેરાનો બોજ ગ્રાહક પર પસાર કરવાનો પ્રયત્ન કરશે તો માંગમાં વધુ ઘટાડો થશે અને તેના નફામાં વધુ મોટો કાપ આવશે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે કરનો બોજ પોતે જ સહી લેશે અથવા તેનું પશ્ચાગામી વિવર્તન કરવા પ્રયત્ન કરશે, પણ તે ગ્રાહક પર પસાર નહિ કરી શકે.

**(૫)** બજારમાં હરીફાઈની કક્ષા**:**

કરના નાણાંકીય બોજનું વિવર્તન કરવાનું કેટલે અંશે શક્ય બનશે તેનો આધાર બજારમાં પ્રવર્તતી પરિસ્થિતિ ઉપર પણ રહેલો છે. પૂર્ણ હરીફાઈની પરિસ્થિતિમાં લાંબે ગાળે કરનો સંપૂર્ણ બોજો ખરીદનાર ઉપર જ આવે એમ સહેલાઈથી સાબિત કરી શકાય છે. પૂર્ણ હરીફાઈમાં લાંબે ગાળે દરેક ઉત્પાદકને સામાન્ય નફો મળવો જોઈએ, અને કરને ઉત્પાદનના સામાન્ય ખર્ચ તરીકે ગણવામાં આવે છે. આથી જો કોઈ પેઢીને અગર ઉત્પાદકને કરનો

બોજો સાહન કરવો પડે તો તે ક્ષેત્ર છોડીને જતી રહે છે. આમ, પેઢીઓ ઘટવાથી કુલ પુરવઠો ઘટશે અને કરની રકમ આવી જાય એવી રીતે ભાવમાં વધારો થશે.

ઇજારાની તથા ઇજારાયુક્ત હરીફાઈની પરિસ્થિતિમાં આમ બનશે જ એમ કહી શકાય નહિ. ઇજારાદાર પરના કરનો સંપાત ખરીદનાર અને વેચનાર વચ્ચે કેવી રીતે વહેંચાશે તેનો આધાર કરના સ્વરૂપ પર રહે છે.

સમાપન : ઉપરની ચર્ચા ઉપરથી એ સ્પષ્ટ થશે કે કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ

નાણાંકીય કરભાર, રાષ્ટ્રીય અર્થવિધાનમાં કરસંપાતનો પ્રશ્ન તે વાસ્તવમાં કર કોણ ભરે છે તેનો પ્રશ્ન છે. સરકાર કર એક વ્યક્તિ પાસે ઉઘરાવતી હોય, પરંતુ કરનો નાણાંકીય બોજો તે વ્યક્તિ ઉપર ન પડતાં કોઈ અન્ય વ્યક્તિ ઉપર પડતો હોય એવાં ઘણાં ઉદાહરણો આપણે તપાસ્યાં છે. શરૂઆતમાં કરભાર કર ભરનાર વ્યક્તિ ઉપર પડતો હોય પરંતુ પાછળથી તે અન્ય વ્યક્તિ ઉપર ખસેડી શકાય તેમ હોય તો આપણે કહીશું કે, કર ભરનાર વ્યક્તિ ઉપર જે પડે છે તે કરસંપાત નહિ પરંતુ કરાઘાત છે. દા.ત., જ્યારે વિક્રેતા વસ્તુના ભાવમાં વધારો કરી કરની રકમ ખરીદનાર પાસેથી વસૂલ કરે છે, ત્યારે કરાઘાત વિક્રેતા ઉપર હોય છે, પરંતુ કરસંપાત ખરીદનાર ઉપર પડે છે. આમ કરસંપાતનો પ્રશ્ન તે વાસ્તવમાં કરની રકમ છેવટે કોના ગજવામાંથી જાય છે તે વિચારવાનો છે.

[૫] કરસંપાતના ખ્યાલની મર્યાદાઓ:

કરસંપાતના ખ્યાલની કેટલીક મર્યાદાઓ છે જે નીચે પ્રમાણે દર્શાવી શકાય :

( ૧) આ ખ્યાલ માત્ર કરના પ્રત્યક્ષ નાણાંકીય ભારનો જ વિચાર કરે છે, કરનો પરોક્ષ

નાણાંકીય બોજ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ વાસ્તવિક બોજાનો વિચાર તે કરતો નથી. આથી, કરસંપાતનો ખ્યાલ કરની અસરોના ખ્યાલ કરતાં સંકુચિત અને ઓછો વિશ્લેષણાત્મક છે.

(૨) વસ્તુની ગુણવત્તામાં ઘટાડો કરીને પણ કરસંપાત ખસેડી શકાય છે એ હકીકતની આ ખ્યાલ અવગણના કરે છે.

(૩) કરપાત્ર વસ્તુની બજાર કિંમતમાં થયેલા વધારા દ્વારા કરસંપાતનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે, પરંતુ એ ભૂલવું જોઈએ નહિ કે વસ્તુની કિંમત કર ઉપરાંત બીજાં અનેક પરિબળો દ્વારા અસર પામે છે.

(૪) કરસંપાતના પ્રશ્નમાં માત્ર કરના પ્રત્યક્ષ નાણાંકીય બોજનો જ વિચાર કરવામાં આવે છે. પરંતુ આ પ્રકારનો અભ્યાસ એકતરફી ગણાય કારણ કે રાજ્ય દ્વારા નાખવામાં આવેલા કરની સાથોસાથ રાજ્ય તરફથી થતા ખર્ચ(જાહેર ખર્ચ)ના લાભનો પણ વિચાર કરવો જોઈએ.

[૬] કરસંપાતના ખ્યાલનું મહત્ત્વ :

1. કપસંપાતના ખ્યાલની ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં રાષ્ટ્રીય અર્થવિધાનના અભ્યાસમાં કરસંપાતનો પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે.
2. કરવેરાની વિચારણામાં તે કેન્દ્રસ્થાન ધરાવે છે.
3. આગળ આપણે જોઈ ગયા છીએ કે, કરના સિદ્ધાંત અનુસાર કરનો બોજો, સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે સમાન પ્રમાણમાં વહેંચાયેલો હોવો જોઈએ; પરંતુ કરનો બોજો કોના પર પડશે તે જાણ્યા વિના કરબોજની ન્યાયી વહેંચણી કરવાનું શક્ય નથી.

4. કરસંપાતનો સ્પષ્ટ ખ્યાલ ન હોય તો કરપદ્ધતિનાં ધાર્યા કરતાં તદ્દન જુદાં પરિણામ આવવાની શક્યતા રહે છે. સામાજિક ન્યાયના સાધન તરીકે વિત્તવ્યવસ્થાનો ઉપયોગ કરવો હોય તો કરસંપાતનો પ્રશ્ન અગત્યનો બને છે, ધનિક વર્ગ પર કર નાખી તેમાંથી મળતી રકમ ગરીબ વર્ગના લાભાર્થે વાપરવાની હોય છે. આથી ધનિક વર્ગ પર જે કર નાખવામાં આવે તેનો સંપાત તે જ વર્ગ પર પડવો જોઈએ.
5. આથી દરેક કરનો અભ્યાસ કરી તેનો સંપાત યોગ્ય વ્યક્તિ પર પડશે તે અંગે નાણાંમંત્રીએ ખાતરી કરવી જોઈએ. વળી, લોકશાહીમાં સરકાર અમુક ચોક્કસ આર્થિક નીતિને અનુસરવાનું વચન આપે છે. આ વચનનું પાલન કરવા માટે પણ નાખવામાં આવતા કરનો સંપાત જાણવો જરૂરી છે.
6. આમ, કરસંપાત અને કરવિવર્તનનો અભ્યાસ ઘણી વ્યવહારુ અગત્ય ધરાવે છે.

સ્વાધ્યાય

પ્ર. ૧. કરસંપાત એટલે શું? કરસંપાત, કરાઘાત, કરની અસરો અને કરવિવર્તન વચ્ચેનો તફાવત સમજાવો. કરસંપાત પર અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.

પ્ર

. ૨. (અ) સામાન્ય કરસંપાત અને અસરકારક કરસંપાત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(બ) કરસંપાત અંગેના મુખ્ય સિદ્ધાંતો સમજાવો.

પ્ર. ૩. “કોઈ વસ્તુ પર નાખવામાં આવેલ કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો, કરપાત્ર વસ્તુના પુરવઠાની મૂલ્યસાપેક્ષતા અને તેની માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રમાણ અનુસાર ખરીદનાર એને વેચનાર વચ્ચે વહેંચાય છે.” આ વિધાનની ચર્ચા કરો.

પ્ર. ૪.

(અ) કરસંપાતના ખ્યાલની મર્યાદાઓનો નિર્દેશ કરો.

(બ) રાષ્ટ્રીય અર્થવિધાનના અભ્યાસમાં કરસંપાતના ખ્યાલનું શું મહત્ત્વ છે?

પ્ર. ૫. સંપૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુ પરનો કર ખરીદનારાઓ અને વેચનારાઓ વચ્ચે કેવી રીતે વહેંચાઈ જાય છે તે આકૃતિ સહિત સમજાવો. કળ -

પ્ર. ૬. (અ) 'કરસંપાતના રૂઢિગત ખ્યાલને અર્થવિધાનની વૈજ્ઞાનિક વિચારસરણીમાં અર્થહીન ગણવામાં આવે છે.' શું આ વિધાન સાથે તમે સંમત છો? કારણો આપો.

(બ) કરનું વિવર્તન કયાં પરિબળો ઉપર આધાર રાખે છે?

ટૂંકા પ્રશ્નો

પ્ર. ૧. કરસંપાત એટલે શું? (એપ્રિલ, ૨૦૧૩, ઓકટો., ૨૦૧૬, માર્ચ/એપ્રિલ, ૨૦૧૭)

ડૉ. ડાલ્ટનના મત મુજબ કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ. સરકાર તરફથી નાખવામાં આવેલો કર વાસ્તવમાં કોણ ભરે છે, એટલે કે, કરની રકમ છેવટે કોના ગજવામાંથી આવે છે એ પ્રશ્નનો વિચાર કરસંપાતમાં કરવામાં આવે છે. ટૂંકમાં, કરની રકમ છેવટે જે વ્યક્તિ ભરે તેના પર કરસંપાત છે એમ કહી શકાય.

પ્ર. ૨. કરસંપાત અને કરાઘાત અને કરસંપાત અને કરવિવર્તન વચ્ચે શો તફાવત છે?

(અ) કરચોરી અને કર વિવર્તન એટલે શું?

(બ) કર વિર્વતન અને કરચોરી વચ્ચે શો તફાવત છે?

(એપ્રિલ - ૨૦૧૨, ઓકટોબર - ૨૦૧૩) અથવા

કરસંપાત અને કરાઘાત વચ્ચેનો તફાવત સમજાવો.

(એપ્રિલ - ૨૦૧૫)

કરસંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો. આમ, જે વ્યક્તિ છેવટે કરનો નાણાંકીય બોજો સહન કરે છે તેના પર કરસંપાત છે એમ કહી શકાય. બીજી તરફ, કરાઘાત એટલે જે વ્યક્તિ પર સરકાર કર નાખે અને જેની પાસેથી કરની રકમ વસૂલ કરે તેના પર કરાઘાત છે એમ કહેવાય. કરની રકમ સરકારની તિજોરીમાં સૌ પ્રથમ ભરનાર વ્યક્તિ પર કરાઘાત છે, જ્યારે જે વ્યક્તિ છેવટે એ કરનો નાણાંકીય બોજ ઉઠાવે તેના પર કરસંપાત છે. કરાઘાત અને કરસંપાત એક જ વ્યક્તિ પર હોઈ શકે છે.

કરસંપાત અને કરાઘાત જ્યારે અલગ અલગ વ્યક્તિઓ પર હોય છે ત્યારે કરવિવર્તનનો પ્રશ્ન ઊભો થાય છે, કારણ કે આવા કિસ્સાઓમાં કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો એક વ્યક્તિથી બીજી વ્યક્તિ પર ખસેડવાની ક્રિયાને કરવિવર્તન કહેવામાં આવે છે. આમ, કરવિવર્તનને લીધે કરનો બોજો સંપૂર્ણપણે કે આંશિકપણે જેના પર લાદવામાં આવ્યો હોય તેના પરથી બીજી કોઈ વ્યક્તિ પર પડે છે.

કર વિર્વતનમાં ઉત્પાદકો કે વેપારીઓ કરની રકમ તો ભરતા જ હોય છે, પરંતુ તેનો બોજ ગ્રાહકો પર ખસેડી દે છે. આમ, કર વિર્વતનમાં રાજ્યને કરની આવક તો મળે જ છે, જ્યારે કરચોરી એટલે આવક છુપાવીને કે જાણી જોઈને ઓછી બતાવીને કર ભરવાથી છટકી જવું અથવા કરને ટાળવું. કરચોરીની બાબતમાં રાજ્યને કરની આવક મળતી જ નથી. કરવિર્વતન કાયદેસર છે, જ્યારે કરચોરી ગેરકાયદેસર છે અને સરકાર તેને અટકાવવાનો પ્રયાસ કરે છે.

પ્ર. ૩. કરાઘાતની વ્યાખ્યા આપો.

કરાઘાત એટલે જે વ્યક્તિ પર સરકાર કર નાંખે અને જેની પાસેથી કરની રકમ વસૂલ કરે તેના પર કરાઘાત છે એમ કહી શકાય. આમ, જે વ્યક્તિ પર કર નાંખવામાં આવ્યો હોય અને તે જ વ્યક્તિ કરની રકમ ભરે તેને કરાઘાત કહેવામાં આવે છે. કરની રકમ સરકારની તિજોરીમાં સૌ પ્રથમ ભરનાર વ્યક્તિ પર કરાઘાત હોય છે. કરાઘાત જે વ્યક્તિ પર નાંખવામાં આવેલ છે તેણે જ ભરવાનો હોય છે; આ કરનો બોજ તે અન્ય વ્યક્તિ પર ખસેડી શકતો નથી.

પ્ર. ૪. પુરોગામી કરવિવર્તન અને પશ્ચાદ્ગામી કરવિવર્તન વચ્ચે શો તફાવત છે?

કરાઘાત સહન કરનાર વ્યક્તિ, વેચાણ અગર વહેંચણીમાં તેના પછી આવતી વ્યક્તિ પાસેથી કર વસૂલ કરે તો તે પુરોગામી કરવિવર્તન કહેવાય છે, પરંતુ જો તે પોતાની આગળની કોઈ વ્યક્તિ પર કરનો બોજો ખસેડે તો તે પશ્ચાદ્ગામી કરવિવર્તન કહેવાશે.
દાખલા તરીકે, કાપડ પરની આબકારી જકાત જ્યારે મિલ જથ્થાબંધ અને છૂટક વેપારીઓ દ્વારા ગ્રાહકો પર ખસેડે તો તે પુરોગામી કરવિવર્તન કહેવાય. પરંતુ જકાતનો બોજો રંગ- રસાયણના વેપારીઓ અથવા રૂના વેપારીઓ પર તેમને ઓછા ભાવ આપીને ખસેડે તો તે પશ્ચાદ્ગામી કરવિવર્તન કહેવાશે.

પ્ર. ૫. સામાન્ય કરસંપાત અને અસરકારક કરસંપાત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

સામાન્ય કરસંપાતમાં અમુક સમય દરમિયાન ઉઘરાવવામાં આવેલ કરનો બોજો સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે શી રીતે વહેંચાયેલો છે તેનો વિચાર કરવામાં આવે છે.

અસરકારક કરસંપાતમાં કરની સંપૂર્ણ આર્થિક અસરોને ધ્યાનમાં લેવામાં આવે છે. આ અન્વયે કર નાખ્યા પહેલાં અર્થકારણનું જે ચિત્ર હોય અને બીજું કર નાખ્યા પછીની જે પરિસ્થિતિ હોય તે બંનેની તુલના કરીને જે ફેરફાર જણાય તેને અસરકારક કરસંપાત કહેવામાં આવે છે.

પ્ર. ૬. કોઈ પણ વસ્તુ પરનો કર ખરીદનાર અને વેચનાર વચ્ચે કઈ રીતે વહેંચાય છે?

(માર્ચ/એપ્રિલ - ૨૦૧૭)

કોઈ પણ વસ્તુ પર નાખવામાં આવેલ કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજો કરપાત્ર વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા અને તેની પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પ્રમાણ અનુસાર ખરીદનાર અને વેચનાર વચ્ચે વહેંચાય છે.

(૧) વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા જેમ વધુ તેમ કરસંપાત વધુ પ્રમાણમાં વિક્રેતા પર અને ઓછા પ્રમાણમાં ગ્રાહકો પર પડશે.

(૨) માંગની મૂલ્યસાપેક્ષતા જેમ ઓછી તેમ કરસંપાત વધુ પ્રમાણમાં ગ્રાહકો પર અને ઓછા પ્રમાણમાં વિક્રેતાઓ પર પડશે.

(3) એ જ રીતે પુરવઠાની મૂલ્યસાપેક્ષતા જેમ વધુ તેમ કરસંપાત વધુ પ્રમાણમાં ગ્રાહકો પર અને ઓછા પ્રમાણમાં વિક્રેતાઓ પર પડશે.

(૪) પુરવઠાની મૂલ્યસાપેક્ષતા જેમ ઓછી તેમ કરસંપાત વધુ પ્રમાણમાં વિક્રેતાઓ પર અને ઓછા પ્રમાણમાં ગ્રાહકો પર પડશે.

પ્ર. ૭. કરસંપાતને અસર કરતાં પરિબળોનો માત્ર નિર્દેશ જ કરો.

કરસંપાતને અસર કરતાં મુખ્ય પરિબળો નીચે પ્રમાણે છે :

(૧) વસ્તુની માંગ અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતા

(૨) ઉત્પાદનના નિયમો

(3) કરનું પ્રમાણ અને સ્વરૂપ

(૪) ફુગાવા કે મંદીની પરિસ્થિતિ

(૫) રોજગારી અને આવકની સપાટી

(૬) બજારમાં હરીફાઈની કક્ષા.

પ્ર. ૮. સામાન્ય કર સંપાત એટલે શું?

(એપ્રિલ - ૨૦૦૪)

સામાન્ય કરસંપાતમાં અમુક સમય દરમિયાન ઉઘરાવવામાં આવેલ કરનો બોજો નાગરિકો વચ્ચે કઇ રીતે વહેંચાયેલો છે તેની ગણતરી કરવામાં આવે છે; એટલે કે, લોકોની આવકનો જે ભાગ તેમને મળતી વસ્તુઓ અને સેવાઓના બદલમાં નહિં પરંતુ જરૂરિયાતના સામુદાયિક સંતોષ માટે રાજ્યને આપવામાં આવે છે તેની ગણતરી સામાન્ય કર સંપાતમાં કરવામાં આવે છે. આમ, સામાન્ય કર સંપાતના ખ્યાલમાં આપણે મુખ્યત્વે રાજ્ય જે આવક વિવિધ પ્રકારના કર દ્વારા મેળવે છે તેની સમાજના જુદા જુદા વર્ગોમાં શી રીતે વહેંચણી થઈ છે તેનો વિચાર કરીએ છીએ.

પ્ર.

૯. અસરકારક કરસંપાતનો અર્થ સમજાવો.

(ઓકટોબર - ૨૦૦૪)

અસરકારક કરસંપાતમાં કરની સંપૂર્ણ આર્થિક અસરોને ધ્યાનમાં લેવામાં આવે છે. આ માટે આપણે બે પરિસ્થિતિઓ સરખાવીએ છીએ. એક તો કર પૂર્વેની સ્થિતિમાં અર્થકારણનું જે ચિત્ર હોય તે અને બીજું કરપશ્ચાતની સ્થિતિમાં તેની જે અવસ્થા હોય, તે બન્નેની તુલના કરવામાં આવે છે, આવી તુલના કરીને જે ફેરફાર આપણે નોંધીએ તેને અસરકારક કરસંપાત કહેવામાં આવે છે.

પ્ર. ૧૦.

કર વિવર્તન એટલે શું?

(ઓકટોબર - ૨૦૦૫)

પૂરોગામી કર વિવર્તન અને પશ્ચાદ્ગામી કર વિવર્તન સમજાવો.

(એપ્રિલ - ૨૦૧૦, ઓકટોબર - ૨૦૧૪)

કર વિવર્તન એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ કિંમતમાં ફેરફાર દ્વારા અન્ય પર ખસેડવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા અન્વયે જે વ્યક્તિ કર ભરે છે તે અન્ય કોઈ વ્યક્તિ પર એ કરનો બોજ ખસેડી દે છે. કર વિવર્તનની પ્રક્રિયા દ્વારા જ કર સંપાત, એટલે કે, કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ છેવટે કોના ઉપર પડે છે તે જાણી શકાય છે. ટૂંકમાં, જે પ્રક્રિયા દ્વારા કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ ઉત્પાદકો દ્વારા અંતિમ ગ્રાહકો પર ખસેડવામાં આવે છે તેને કર વિવર્તન કહેવાય છે.

કરાઘાત સહન કરનાર વ્યક્તિ વેચાણ અગર વહેંચણીમાં તેના પછી આવતી વ્યક્તિ પાસેથી કર વસૂલ કરે તો તે પુરોગામી કરવિવર્તન કહેવાય છે, પરંતુ જો તે પોતાની આગળની કોઈ વ્યક્તિ પર કરનો બોજો ખસેડે તો તે પશ્ચાદ્ગામી કર વિવર્તન કહેવાશે. દાખલા તરીકે, કાપડ પરની આબકારી જકાત જ્યારે મિલ જથ્થાબંધ અને છૂટક વેપારીઓ દ્વારા ગ્રાહકો પર ખસેડે તો તે પુરોગામી કરવિવર્તન કહેવાય; પરંતુ જકાતનો બોજો રંગ-રસાયણના વેપારીઓ અથવા રૂના વેપારીઓ પર તેમને ઓછા ભાવ આપીને ખસેડે તો તે પશ્ચાદ્ગામી કર વિવર્તન કહેવાશે.

પ્ર. ૧૧. જો કરપાત્ર વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય તો કરસંપાત ગ્રાહક અને વિક્રેતા વચ્ચે કઈ રીતે વહેંચાશે?

(એપ્રિલ-૨૦૦૬)

જો કરપાત્ર વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય તો કરસંપાત વિક્રેતા ઉપર વધુ પ્રમાણમાં અને ગ્રાહક પર ઓછા પ્રમાણમાં પડશે. આનું કારણ એ છે કે વસ્તુ પર નાખવામાં આવેલ કરને લીધે તેની કિંમતમાં વધારો થાય છે અને વિક્રેતા કરનો આ બોજ વસ્તુની કિંમતમાં વધારો કરીને ગ્રાહક ઉપર ખસેડવાનો પ્રયત્ન કરશે. પરંતુ જો આ વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હશે તો ઊંચી કિંમતને લીધે ગ્રાહક તેની ખરીદીમાં ઘટાડો કરશે. આમ, કરનો સંપાત ગ્રાહક ઉપર ઓછો પડશે અને વિક્રેતા ઉપર વધુ પડશે.

કરસંપાત, કરાઘાત અને કર વિવર્તન

પ્ર. ૧૨. કરસંપાત અને કર વિવર્તન એટલે શું?



(એપ્રિલ - ૨૦૦૭)

ડૉ. ડાલ્ટનના મત મુજબ, કર સંપાત એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ. સરકાર તરફથી નાંખવામાં આવેલો કર વાસ્તવમાં કોણ ભરે છે, એટલે કે, કરની રકમ છેવટે કોના ગજવામાંથી આવે છે એ પ્રશ્નનો વિચાર કરસંપાતમાં કરવામાં આવે છે. ટૂંકમાં, કરની રકમ છેવટે જે વ્યક્તિ ભરે તેના પર કરસંપાત છે એમ કહી શકાય.

અલબત્ત, પ્રો. મસગ્રેવ કરસંપાતનું વ્યાપક અર્થઘટન કરતાં જણાવે છે કે, કરસંપાતમાં કેવળ કરવેરાનો જ નહિ પરંતુ સરકારની સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિના સંદર્ભમાં પણ આ ખ્યાલનો વિચાર કરવો ઘટે.

બીજી તરફ, કર વિવર્તન એટલે કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ કિંમત ફેરફાર દ્વારા અન્ય ખસેડવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા અન્વયે જે વ્યક્તિ કર ભરે છે તે અન્ય કોઈ વ્યક્તિ પર એ કરનો બોજ ખસેડી દે છે. કર વિવર્તનની પ્રક્રિયા દ્વારા જ કરસંપાત, એટલે કે, કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ છેવટે કોના ઉપર પડે છે તે જાણી શકાય છે. ટૂંકમાં, જે પ્રક્રિયા દ્વારા કરનો પ્રત્યક્ષ નાણાંકીય બોજ ઉત્પાદકો દ્વારા અંતિમ ગ્રાહકો પર ખસેડવામાં આવે છે તેને કર વિવર્તન કહેવાય છે.

પ્ર. ૧૩. કરને ટાળવું એટલે શું ?

(એપ્રિલ - ૨૦૧૪)

કર ટાળવાની બાબતમાં રાજ્યને કરની આવક મળતી નથી. અહીં સરકારે કરવેરામાં જે રાહતો અને છૂટછાટો આપી હોય છે તેનો પૂરેપૂરો લાભ લઈ વ્યક્તિ તેની કર જવાબદારી ઘટાડી નાંખે છે અથવા તો કેટલીક વખત તે શૂન્ય જવાબદારી પર આવી જાય છે. એ જ રીતે વસ્તુઓ ઉપરના કરની બાબતમાં જે પેદાશો પર કરવેરા નાંખવામાં આવ્યાં હોય તેની ખરીદી ઓછી કરીને આ કરવેરા ભરવાનું તે ટાળી શકે છે. અત્રે એ નોંધવું ઘટે કે કરને ટાળવું એ કાયદેસર છે જ્યારે કરચોરી એ ગેરકાયદેસર છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

દ્વિતીય વર્ષ બી.કોમ. : સેમેસ્ટર - ૪

પ્ર. ૧. ટૂંકનોંધ લખો : કરસંપાતને અસર કરતાં પરિબળો

(ઓકટોબર - ૨૦૧૩, એપ્રિલ - ૨૦૧૫, એપ્રિલ- ૨૦૧૬)

પ્ર. 2. કરસંપાતને અસર કરતાં પરિબળો સમજાવો.

(એપ્રિલ - ૨૦૧૪)

પ્ર. ૩. કર સંપાત એટલે શું ? કર સંપાતને અસર કરતાં પરિબળો વિગતવાર સમજાવો.

(ઓકટોબર - ૨૦૧૪)

પ્ર. ૪. કર સંપાતના ખ્યાલનું મહત્ત્વ અને મર્યાદાઓ વર્ણવો.

(ઓકટોબર - ૨૦૧૫)

પ્ર. ૫. ટૂંક નોંધ લખો : કર સંપાતને અસર કરતાં પરિબળો

(એપ્રિલ-૨૦૧૭)